ધ્યાનયોગપ્રકાશ.

તથા

જીવનમોક્ષની કૂંચી.

પ્રસિદ્ધ કર્તા

મહંસ પરિવ્રાજક સ્વામી નૃસિંહાનંદ સરસ્વતી

ગયાનિવાસી.

શ્રીકચ્છ અંજાર સનાતન ધર્માશ્રમના

મુખ્ય ઉપદેશક.

છપાવી પ્રગટ કરનાર

મિ. રામજી લાલજી ગામ ખેડોઈ કચ્છ.

મુંબાઈ.

નિર્ણયસાગર છાપખાનામાં છાપ્યું.

સને ૧૯૧૩.

Published by Ramji Lalji Gam, Khedoi Kuchcha.

Printed by R. Y. Shedge, at the Nirnaya-Sagar
Press, 23 Kolbhat Lane Bombay.

ટુંક વિવેચન પ્રસ્તાવના.

ઓ પરમાનંદનાં સંતાનો! દિવ્યલોક નિવાસીયો! સાંભળો તમારા અંતઃકરણની શુદ્ધતા વાસ્તે પૂર્વે મંત્રયોગપ્રકાશ નામની નાનીસરખી ચોપડી સંસ્કૃતમાં નીકળી ચુકી છે, આ પુસ્તક પણ તમારા શ્રેયને વાસ્તે જ તમારા હાથમાં આપી છે આજકાલ જ્ઞાનની વાતો જ્યાં ત્યાં મોટે સાદે થયા કરે છે પણ તે મનમોદક ખાધા જેવો જ આનંદ દેય છે એનું કારણ એ છે કે શાસ્ત્રને વાંચનારા અને સાંભળનારાની મનોવૃત્તિ જેમાં એકાગ્રતા હોય છે તે સ્વરૂપનું સેવન નહીં કરતાં વાદવિવાદમાં અથવા પોતાની સિદ્ધતા દર્શાવવામાં જ દિવસ ગાળે છે પણ શાસ્ત્રે વર્ણવેલી અતિ દુઃખની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિના માર્ગમાં પ્રવેશ કરતા નથી. અમે મરશું ત્યારે બ્રહ્માનંદમય થાશું એવો નિશ્ચય કરી નિર્ભય રહે છે. તેની દૃષ્ટિમાં અમારા પૂર્વે ઋષિયોંની દિવ્યવાણી જોવામાં આવી નથી કે **जीवन्मुक्तिश्च या मुक्तिः सा मुक्तिः पिण्डपातने ॥ या मुक्तिः पिण्ड-पातेन सा मुक्तिः शुनि शूकरे ॥** તે વાદવિવાદી ભલે મરીને આત્મપદમાં જાવા ઇચ્છતા હોય. પરોક્ષાનંદમાં ભલે મગ્ન થાય પણ વિચારશીલ તે પરોક્ષ આશા ઉપર રહી 'અમુક પરણશે ત્યારે મજાની ચીજ જમીશ ત્યાં-સુધી ભૂખ મારીશ' ઇશ્વરની મરજીથી કોણ જાણે મર્યા પછી કેવી યોનિની પ્રાપ્તિ થશે પરોક્ષવાદિ કયા સાધનદ્વારા મોક્ષ પ્રાપ્ત કરશે તે હું કાંઈ સ-મજી શકતો નથી તેથી જીવનમોક્ષનું અમૂલ્ય સુખ તથા પરમાનંદની પ્રાપ્તિ, સર્વેશ્વર અથવા સ્વાત્મદર્શનની યુક્તિ આ પુસ્તકમાં છે આ પુસ્ત-કને છપાવનાર મિ૦ રામજી લાલજી ગામ ખેડોઇ (કચ્છવાળા) નો હું

શુદ્ધ અંતઃકરણથી આભાર માની ધન્યવાદ આપું છું કે જે અન્ય ધર્મકાર્યમાં પોતાનું ન્યાયોપાર્જિત દ્રવ્ય નહીં ખર્ચ કરતાં આ પુસ્તકને છપાવી હજારોં માણસના ઉપર ઉપકારનો વર્ષાદ વર્ષાવી પ્રાણીયોંની સદ્ગતિમાં જ પોતાનો સદ્ધર્મ સમજ્યા છે **परंपरोपकारार्थेयोजीवति-सजीवति** આ વાકયના અર્થને તેઓશ્રી સારી રીતે સમજે છે તેથી ઇશ્વર તેને ધર્મ ઐશ્વર્યની સદા વૃદ્ધિ કરે એ મારા અંતઃકરણથી આશીર્વાદ છે. અલમ્—

સંવત્ ૧૯૬૯. } તમારા સદાના શુભેચ્છુ

સ્વામી નૃસિંહાનંદ સરસ્વતી.

दोहा

श्रीगणपतिपद वन्दिके, शारदकूं शिरनाय ॥
ध्यानयोगप्रकाशकी, टीका रचूं बनाय ॥ १ ॥
नारायण ते कमलज, तेहिते भये वशिष्ठ ॥
शक्तिपराशर तांहिते, व्यासदेव शुकशिष्ट ॥ २ ॥
गौडपाद गोविंद औ, शंकरकूं शिरनाय ॥
मोहि भरोस तेहिनामका, करिहैं सोई सहाय ॥३॥
पद्मादिक तेहिं शिष्यकूं, नमन करूं करजोरि ॥
सनकादिक सबकूं नमूं ,जानि बुद्धि निजथोरि॥४॥
जीवईशकी एकता, ध्यानयोगते होय ॥
मैं निज गुरुकूं नमन करि, कहूं यथामति सोय॥५॥

सर्वस्थितिप्रलयहेतुमचिन्त्यशक्तिं
विश्वेश्वरं विदितविश्वमनंतमूर्तिं ॥
निर्मुक्तबन्धनमपारसुखाम्बुराशिं
श्रीवल्लभं विमलबोधघनं नमामि ॥ १ ॥

नादानुसंधान नमोस्तु तुभ्यं त्वां मन्महे तत्व-
पदं लयानाम् ॥
भवत्प्रसादात्पवनेन साकं विलीयते विष्णुपदे
मनो मे ॥ १ ॥

હે સોહં પ્રણવરૂપી નાદાનુંસંધાન, તમને હું પ્રણામ કરૂં છું. ઈશ્વરને જાણવારૂપ સમાધિમાં તમને, આત્મતત્વને પ્રાપ્ત કરાવનાર હું માનું છું તમારા પ્રસાદથી મારાં મન પ્રાણાદિ વાયુનીસમેત વિષ્ણુપદમાં લીન થાય છે.

अव्यक्ताच्च भवेत् सृष्टिरव्यक्ताच्च विनश्यति ॥
अव्यक्तं ब्रह्मणो ज्ञानं सृष्टिसंहारवर्जितम् ॥ २ ॥

આ સૃષ્ટિ અવ્યક્ત પરમાત્મા બ્રહ્મથી ઉત્પન્ન થઈ છે અને એનો નાશ પણ અવ્યક્તમાં જ થાય છે. તેમજ અવ્યક્ત પરમાત્મા બ્રહ્મનું જ્ઞાન હોવાથી ઉત્પત્તિ વિનાશ (જન્મમરણ)-રહિત પદની પ્રાપ્તિ થાય છે. ઈશ્વર સમગ્ર સુખના મૂળ છે સંપૂર્ણ જગતમાં તે પરમાત્મા સ્થિર છે તેની સત્યતાથી જ જગત્ સત્યવત્ ભાસે છે, તે પરમાત્માને જાણવાથી જ જન્મ-મરણ છુટે છે, આ જગત્માં તેજ એક પરમેશ્વર આરાધન કરવા યોગ્ય છે તેના આરાધનથી સમગ્ર દેવતાઓ પ્રસન્ન થાય છે કેમ કે બધો સંસાર તેમાંજ સ્થિર છે. गूढःसर्वेषु भूतेषु सर्व-

व्यापी सनातनः ॥ सर्वेन्द्रियगुणाभासः सर्वेन्द्रियविवर्जितः ॥ लोकातीतो लोकहेतुरवाङ्मनसगोचरः ॥ स वेत्ति विश्वं सर्वज्ञस्तं न जनाति कश्चन ॥ तदधीनं जगत्सर्वं त्रैलोक्यं सचराचरम् ॥ तदालम्बनतातिष्ठेदवितर्क्यमिदं जगत् ॥ तत्सत्यतामुपाश्रित्य सद्वद्भाति पृथक्पृथक् ॥ आब्रह्मस्तम्बपर्यन्तं तन्मयं सकलं जगत् ॥ तदाराधनतो देवि सर्वेषां प्रीणनं भवेत् ॥ तरोर्मूलाभिषेकेण यथा तद्भुजपल्लवाः ॥ तृप्यन्ति तदनुष्ठानात्तथा सर्वेऽमरादयः ॥ ध्येयः पूज्यः सुखाराध्यस्तं विना नास्ति मुक्तये ॥ नि० तं० ॥ હે દેવિ ! આ જગત્‌ના આધારભૂત પરમાત્મા ગૂઢભાવથી સંપૂર્ણ જીવોમાં વિરાજે છે. તે સર્વવ્યાપી અને સનાતન બ્રહ્મ ઇંદ્રિયરહિત છતાં સંપૂર્ણ ઇંદ્રિયોને શક્તિસમેત પ્રકાશે છે. તે પરમાત્મા ભૂર્ભુવાદિ લોકોથી પર લોકોની ઉત્પત્તિનું કારણ અને મનવાણીથી અગોચર છે. તે સર્વજ્ઞ પુરૂષ સર્વ જાણે છે પણ તેને કોઈએ જાણી શકતા નથી. સંપૂર્ણ ચરાચરસહિત આ ત્રૈલોક્યમંડલ તેજ પરમાત્માના આધારથી સ્થિર રહ્યું છે આ અવિતર્ક્ય (જેનો તર્ક ન થઈ શકે) જગત્ તે સર્વેશ્વરની આધીનતાને છોડતું નથી. આ અનિત્ય જગત્ તે પરમાત્માની સત્યતાના આશ્રયથી સત્યના જેવું નોખનોખું પ્રકાશી રહ્યું છે. આ બ્રહ્માથી આરંભીને સ્તંભપર્યન્ત જગત્ તેજ પરમાત્મામય છે–તેજ સર્વેશ્વરને પરિતુષ્ટ કરવાથી સંપૂર્ણ જગત્ તુષ્ટ થાય છે તેની પ્રીતિ હોવાથી સંપૂર્ણ જગત્ પ્યાર કરે છે. આ જગત્ પરમાત્માથી થયું છે ત્યારે પૂજ્ય અને આરાધ્ય પણ તેજ છે. જેમ ઝાડના મૂળમાં પાણી સિંચવાથી તેની શાખા

અને પાંહડું વધે છે. તેમજ તે સર્વેશ્વર પરમાત્માના આરાધનથી સર્વે દેવતાની તૃપ્તિ થાય છે. વિશેષ કેવાનું શું છે પણ તેજ પૂજન કરવા યોગ્ય છે તે પરમાત્માવિના જીવને મુક્તિના બીજા ઉપાયો નથી. તેમજ આરાધન કરવા યોગ્ય પણ તેજ છે આ જગત્ કર્માધીન છે કર્મવિના ક્ષણમાત્ર રહેતું નથી.

विना कर्म न तिष्ठन्ति क्षणार्द्धमपि देहिनः ॥
अनिच्छन्तोऽपि विवशाः कृष्यन्ते कर्मवायुना ॥३॥
कर्मणा सुखमश्नन्ति दुःखमश्नन्ति कर्मणा ॥
जायन्ते च प्रलीयन्ते वर्त्तन्ते कर्मणो वशात् ॥ ४ ॥
यावन्न क्षीयते कर्म शुभं वाशुभमेव वा ॥
तावन्न जायते मोक्षो नृणां कल्पशतैरपि ॥ ५ ॥

માણસ દેહધારીમાત્ર કર્મ કર્યાવિના ક્ષણમાત્ર પણ રહિ શકતા નથી જો કર્મ કરવાની તેની ઇચ્છા ન હોય તો પણ પ્રારબ્ધરૂપી કર્મ કરાવનારા વાયુથી તણાઈ તે કર્મ તેને કરવું પડે છે જુવોને કર્મ કરવાથી સુખ મલે છે અને કર્મથીજ દુખ મળે છે તેમજ કર્મથી જ જન્મે છે અને મરે છે. જયાંસુધી શુભ અને અશુભ બન્ને કર્મોનો ક્ષય થતો નથી ત્યાંસુધી સો કલ્પ વ્યતીત થતાં પણ માણસની મુક્તિ હોતી નથી.

यथा लोहमयैः पाशैः पाशैः स्वर्णमयैरपि ॥
तथा बद्धो भवेज्जीवः कर्मभिश्चाशुभैः शुभैः ॥६॥
कुर्वाणः सततं कर्म कृत्वा कष्टशतान्यपि ॥
तावन्न लभते मोक्षं यावज्ज्ञानं न विन्दति ॥७॥
ज्ञाने तत्त्वविचारेण निष्कामेनापि कर्मणा ॥
जायते क्षीणतमसां विदुषां निर्मलात्मनाम् ॥८॥

જેમ લોઢુ અને સુવર્ણ બનેની બનેલી સાંકળ પ્રાણીયોને બંધન કરે છે તેમજ શુભ અને અશુભ બન્ને કર્મ જીવોને બંધન કરે છે. જ્યાંસુધી જ્ઞાનની પ્રાપ્તિ હોતી નથી ત્યાં-સુધી સદા કર્મનાં અનુષ્ઠાન કરી તથા સોસો કષ્ટ સહિને પણ મુક્તિ મળતી નથી. જેનાં મન નિર્મલ છે તેવા બુદ્ધિશાળી મુમુક્ષુ તત્વના વિચાર તેમજ નિશ્કામકર્મ કરવાથીજ જ્ઞાન મેળવે છે. પછી મોક્ષ પામે છે.

आहारसंयमक्लिष्टा यथेष्टाहारतुन्दिलाः ॥
ब्रह्मज्ञानविहीनाश्चेन्निष्कृतिं ते व्रजन्ति किम् ॥९॥
वायुपर्णकणातोयव्रतिनो मोक्षभागिनः ॥
सन्ति चेत्पन्नगा मुक्ताः पशुपक्षिजलेचराः ॥१०॥

માણસ ભૂખતરસને સહન કરી ઉપવાસ વિગેરે કરી દુઃખ સહન કરે અથવા તો ઇચ્છાપ્રમાણે જમીને જાડા પેટવાળો થઈ રહે તો પણ બ્રહ્મ પરમાત્માને જાણ્યાવિના કોઈ પ્રકારે તેને મોક્ષ થાય તેમ નથી. કેમ જે જો કેવળ વાયુ પાંદડાં તથા કણ ભક્ષણ કરી અથવા જળ પીને રહેવાથી મોક્ષ થતો હોત તો સર્પ પશુપક્ષિ તથા જળચર વિગેરે પ્રાણીયો પણ મોક્ષના ભાગી થાત પણ તેનો મોક્ષ થતો નથી.

आत्मा साक्षी विभुः पूर्णः सत्योऽद्वैतः परात्परः॥
देहस्थोऽपि न देहस्थो ज्ञात्वैवं मुक्तिभाग्भवेत् ११

આપ શંકા કરતા હશો કે ત્યારે મોક્ષ કેમ થાશે? ત્યારે ધબરાવાનું નથી આ ઉપરના શ્લોકનો ભાવાર્થ સમજો એટલે માલમ પડશે કે મોક્ષનું સ્થાન તમારે ત્યાંજ છે. મોક્ષ-પ્રાપ્તિને વાસ્તે પર્વતોના શિખરઉપર કે વન વન ભટકવાની અગત્ય નથી. આત્મા કયાં છે? સાંભળો આત્મા શુભાશુભના દ્રષ્ટા સાક્ષિસ્વરૂપ અને વિભુ છે એવી કોઈ જગા નથી કે જયાં તે પરમાત્મા ન હોય તે સર્વવ્યાપી છે અને પૂર્ણ છે અખંડરૂપ છે અદ્વિતીય છે પરથીપર છે, દેહમાં રહેતાં છતાં નિર્લેપ છે એમ સમગ્ર વૈભવના જડ પરમાત્માને પોતાનામાંય જાણવાથી તથા જોવાથી જીવોની મુક્તિ થાય છે.

ब्रह्माण्डलक्षणं सर्वं देहमध्ये व्यवस्थितम् ॥

पातालभूधरा लोका आदित्यादिग्रहास्तथा ॥
नागाद्या देवताः सर्वे पिण्डमध्ये व्यवस्थिताः ॥१२॥

આ દેખાતા સંપૂર્ણ બ્રહ્માંડનું લક્ષણ આ દેહના મધ્યમાં સ્થિત છે. તેમજ તલ, વિતલ, સુતલ, પ્રતલ, તલાતલ, રસાતલ, પાતાલ, ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપલોક, સત્યલોક, આ ચૌદ લોક તથા મેરૂ આદિક આઠ પર્વત, આદિત્યાદિ નવગ્રહ તથા નાગાદિ સંપૂર્ણ દેવતાઓ આ દેહમાં જ વિરાજે છે ॥ આ સર્વે દેવતાઓનાં મનની ભાવનાથી દર્શન થાય છે તે ભાવના પણ બે પ્રકારની હોય છે એક સાકાર ને બીજી નિરાકાર.

साकाराश्च विनश्यन्ति निराकारो न नश्यति ॥
निराकारं मनो यस्य निराकारसमो भवेत् ॥
तस्मात्सर्वप्रयत्नेन साकारं तु परित्यजेत् ॥ १३ ॥

તેમાં આકારસહિત જે ભાવના છે તે નાશરૂપ છે અને નિરાકારની જે ભાવના છે તે અવિનાશી છે. જેનું મન નિરાકાર છે તે પુરૂષ નિરાકાર અવિનાશી પદને પામે છે અને જેનું મન સાકારમય છે તે પુરૂષ જન્મમરણરૂપી આકારને જ પામે છે તેથી પરિશ્રમપૂર્વક સાકારસહિત ભાવનાને ત્યજી દેવી અને શુદ્ધ ભાવનાથી જીવાત્મા પરમાત્મામાં અભેદ દૃષ્ટિ રાખી ચિન્તવન કરવું.

भ्रान्तिबद्धो भवेज्जीवो भ्रांतिमुक्तः सदाशिवः ॥
कार्य्यं हि कारणंतच्च पुनर्बोधो विशिष्यते ॥ १४ ॥

આ જીવ જયાંસુધી ભ્રાંતિમાં બંધાયમાન છે ત્યાંસુધી જીવ કેવાય છે અને ભ્રાંતિથી છુટયા પછી સાક્ષાત્ કલ્યાણ-રૂપ આત્મા બ્રહ્મ થાય છે. જેમ કારણરૂપ સુવર્ણથી બનેલા કુંડલાદિ ઘરેણાંરૂપ કાર્ય સુવર્ણનો બોધ હોતાં જ નાશ થાય છે તથા નામરૂપને ભૂલી સુવર્ણ રહે છે. તેમજ પરમાત્મારૂપ કારણથી ઉત્પન્ન થયેલો જીવ તથા તેના કાર્યરૂપ જગત્ તે કારણરૂપ પરમાત્માનું જ્ઞાન હોતાંજ જગત્ મટી વિભુરૂપ પરમેશ્વર રહે છે.

जीवश्च परमात्मा च पर्यायो नात्र भेदधीः ॥
तस्य जीवस्य विज्ञाने साधनान्यपि मे शृणु ॥
मानाभावस्तथा दंभहिंसादिपरिवर्जनम् ॥ १५ ॥

જીવ અને પરમાત્મામાં ભેદ નથી અર્થાત્ જીવ તે સાક્ષાત પરમાત્મા છે માન અભાવ દેશકાલ પરિચ્છેદથી રહિત જીવાત્મા પરમાત્મામાં ભેદ નથી તે જીવાત્માને જાણવાનું સાધન કહું છું તે સાંભળો. દંભાદિ (દંભ કામક્રોધ મોહ લોભ માયા ભયાદિ)થી રહિત રહેવું.

पराक्षेपादिसहनं सर्वत्रावक्रता तथा ॥
मनोवाक्कायसद्भक्त्या सद्गुरोः परिसेवनम् ॥ १६ ॥

बाह्याभ्यन्तरसंशुद्धि, स्थिरता सत्क्रियादिषु ॥
मनोवाक्कायदंडश्च विषयेषु निरीहता ॥ १७ ॥
निरहंकारता जन्मजराद्यालोचनं तथा ॥
असक्तिः स्नेहशून्यत्वं पुत्रदारधनादिषु ॥ १८ ॥

પરતું આક્ષેપ (નિંદાદિ) સહન કરવાં, બધી જગાએ જેમતેમ તથા વધારે બોલવાથી રહિત થઇ મન વચન અને કાયાથી સાચા ગુરુનું સેવન કરી સત્‌ક્રિયાદિદ્વારા (સંધ્યા, ગાયત્રી, ઈશ્વરસ્મરણ, દેવપૂજન, જપ-તપ દાન વ્રત શ્રવણ મનન વિગેરે) બાહેર અને ભીતર બન્નેની વિશેષ શુદ્ધતા કરી મન વાણી અને કાયા એ ત્રણેને વિષયમાંથી રોકવાં એનું નામ દંડ છે. એમ મનાદિના દંડ કરી. જન્મ અને વૃદ્ધાવસ્થાદિને જોઇ પુત્ર, સ્ત્રી, ધન આદિમાંથી સ્નેહરહિત ને આસક્તિ રહિત થઇને સર્વ તરફથી ચિત્તને શાંત કરીને સદ્‌ગુરુના કહ્યાપ્રમાણે વર્તવું.

जनसंवादरहितं शुद्धदेशनिषेवणम् ॥
प्राकृतैर्जनसंघैश्च ह्यरतिः सर्वदा भवेत् ॥ १९ ॥
आत्मज्ञाने सदोद्योगो वेदान्तार्थावलोकनम् ॥
उक्तैरेतैर्भवेज्ज्ञानं विपरीतैर्विपर्ययः ॥ २० ॥

बुद्धिप्राणमनोदेहाऽहंकृतिभ्यो विलक्षणः ॥
चिदात्माऽहं नित्यशुद्धो बुद्ध एवेति निश्चयम्॥२१॥

સાંસારિક વિષયમાં અંજાયલો જે મનુષ્ય હોય તેના સંગથી અલગાં રહી શુદ્ધ દેશ (ઘર) જ્યાં માણસોનો શબ્દ નહીં સંભળાતો હોય એવી એકાન્ત જગાનું સદા સેવન (એકાન્તે રહેવું) કરી આત્મજ્ઞાનનું જે સાધન, શ્રવણ મનન-નિદિધ્યાસન ધારણા ધ્યાનાદિ ઉદ્યોગો છે તેથી મનને શાંત કરી વેદાન્તના અર્થનું અવલોકન કરવું. આમ કરતાં પરમાત્માનું રૂપ જાણવામાં આવે છે. તેમ ન કરવાથી ઈશ્વરનું રૂપ જાણી શકાતું નથી. એકાંતે બેસી વિચારવું કે, બુદ્ધિ પ્રાણ મન દેહ અહંકારાદિથી પર હું ચિદાત્મા નિત્ય શુદ્ધબુદ્ધરૂપ છું એવું નિશ્ચયે કરી જાણવું.

येन ज्ञानेन संविन्ते तज्ज्ञानं निश्चितं च मे ॥
विज्ञानं च तदेवैतत्साक्षादनुभवेद्यदा ॥ २२ ॥
आत्मा सर्वत्र पूर्णः स्याच्चिदानन्दात्मकोऽव्ययः ॥
बुद्ध्याद्युपाधिरहितः परिणामादिवर्जितम् ॥ २३ ॥

એમ કરવાથી તે સર્વેશ્વર નિશ્ચય જાણવામાં આવે છે. જ્યારે પરમાત્માનો સાક્ષાત્ અનુભવ થાય છે ત્યારે સર્વ જગત્ તન્મય ભાસે છે. ચિત્તને શાંત રાખો. પરમાત્મા અ-

વ્યય ચિદાનંદ સર્વત્ર છે તેને ગોતવા અન્ય સ્થલે ભ્રમણ કરવાનું નથી. બુદ્ધિ આદિને ઉપાધિથી રહિત, આદિ-અંતથી રહિત, પૂર્ણરૂપથી પ્રકાશી રહ્યા છે. સર્વના દ્રષ્ટા સર્વના સાક્ષી સર્વ ઐશ્વર્યના મહોદધી પરમાત્મા તમારી પાસેજ છે તેની પ્રાપ્તિ કરવાને કમર બાંધો.

शृणु वत्स प्रवक्ष्यामि परं ब्रह्म सुनिश्चितम् ॥
ज्ञानगम्यं भवेद्यञ्च भावाभावविवर्जितम् ॥ २४ ॥
मया ज्ञानप्रभावेन यत् दृष्टं कथयामि ते ॥
ध्यानयोगेन मनसा प्राप्यते परमं पदम् ॥ २५ ॥

હે વત્સ ! સાંભળો. હું કહું છું.-ભાવ અને અભાવથી રહિત પરબ્રહ્મ પરમાત્મા જ્ઞાનથી નિ:સંદેહ ગમ્ય (જણાય છે) થાય છે. મારા જ્ઞાનના પ્રભાવથી મને જે દૃષ્ટિગોચર થયું છે તે કવું છું:—મનને ધ્યાનમાં લીન કરવાથી પરમપદની પ્રાપ્તિ થાય છે તેમજ મનનાં નિર્મલતાનાં કારણપણ ધ્યાનરૂપજ છે કેમ જે ધ્યાન કરવાથી અનેક જન્મનાં કરેલાં પાપ નાશ પામે છે. यदि शैलसमं पापं विस्तीर्णं योजनान् बहून् ॥ भिद्यते ध्यानयोगेन नान्योभेदः कथंचन ॥ યદિ પર્વત જેવું ઉચું અને અનેક યોજનમાં વિસ્તાર પામેલું જો પાપ હોય તોપણ ધ્યાન કરવાથી તે ક્ષણમાત્રમાં નાશ પામે છે, બીજા ઉપાયોથી નહિ. અને મનની નિર્મલતા હોવાથી જન્મબંધન મટેછે. તે મનની નિર્મ-

લતા ધ્યાન કરવાથીજ થાય છે. यथा सुवर्णं पटुपाकशोधितं त्यक्त्वा मलं स्वात्मगुणं समृच्छति ॥ तथा मनः सत्वरजस्तमोमलं ध्यानेन संत्यज्य समेति तत्त्वम् ॥ वि. चू. જેમ સુવર્ણને દેવતામાં પુટ કરી શોધન કરવાથી પોતામાં રહેલા મલને ત્યાગ કરી સુવર્ણ શુદ્ધ થાય છે તેમજ ધ્યાન કરીને શુદ્ધ થયેલું મન સત્વ રજ તમ એ ત્રણ ગુણરૂપી મલોનો ત્યાગ કરી શુદ્ધ સત્વગુણના આશ્રયથી આત્મા શુદ્ધ તત્વને પ્રાપ્ત થાય છે તથા બ્રહ્માનંદમાં લીન થાય છે. આ મહાચંચલ મનને રોકવાનું કારણ પણ ધ્યાનજ છે.

ध्यानमेव हि जंतूनां कारणं बंधमोक्षयोः ॥
ध्यान आत्मस्वरूपस्य वेदनं मनसः खलु ॥ २६ ॥

જીવોને બંધન અને મોક્ષના કારણરૂપ પણ ધ્યાનજ છે. મન ઈશ્વિરપરાયણ થઇ પરમાત્માનું ધ્યાન કરે છે ત્યારે જગત્‌થી છૂટે છે અને જ્યારે વિષયપરાયણ થઇ સાંસારિક પદાર્થનું ધ્યાન કરે છે ત્યારે જીવને બંધનના કારણરૂપ થઇ જાય છે. એજ મનને નિયમમાં રાખી પરમાત્માનું ધ્યાન કરવાથી આત્માનો સાક્ષાત્કાર થાય છે. आत्ममध्ये मनः कुर्यादात्मानं परमात्मनि ॥ परमात्मा स्वयं भूत्वा न किञ्चदपि चिन्तयेत् ॥ કોઇ પદાર્થનું મનથી ચિન્તવન નહીં કરતાં માત્ર પોતાને પ્રકાશરૂપ આત્મામાં મનને લીન કરતાં જીવ આત્મા સ્વયં પરમાત્મારૂપ થાય છે. જેમ અન્ય વસ્તુમાં ચિત્ત નહીં દેતાં કીડા ભમરીનું ધ્યાન કરતાં ભમરીરૂપ થાય છે. તેમજ અન્ય પદાર્થમાં મનો-

વૃત્તિ નહી અટકાવતાં પરમાત્માનું ધ્યાન કરતો જીવ સાક્ષાત્ પરમાત્મા થાય છે.

हृदिस्थध्यानयोगेन देवदेवस्य दर्शनम् ॥
हृदिस्था देवताः सर्वे हृदि प्राणाः प्रतिष्ठिताः ॥
हृदि ज्योतींषि सूर्य्यश्च हृदि सर्वं प्रतिष्ठितम् ॥२७

હૃદયકમલમાં મનોવૃતિને સ્થિર કરી ધ્યાન કરવાથી દેવોના દેવ સર્વવ્યાપી સનાતન બ્રહ્મનું દર્શન થાય છે એજ હૃદયકમલમાં સંપૂર્ણ દેવતાઓની સ્થિતિ છે. એજ હૃદયમાં પ્રાણની સ્થિતિ છે એજ હૃદયમાં સૂર્યાદિની જયોતિ પ્રકાશે છે. સંપૂર્ણ બ્રહ્માંડ આજ હૃદયમાંના ધ્યાનથી જણાયછે સંપૂર્ણની સ્થિતિ હૃદયકમલમાં જ છે.

स्वदेहमरणिं कृत्वा प्रणवं चोत्तरारणिम् ॥
ध्याननिर्मथनाभ्यासाद्विष्णुं पश्येद्धृदि स्थितम् ॥
नादान्तरे समे शुद्धे विष्णुं पश्येद्धृदि स्थितम् ॥
शृणोति श्रवणातीतं नादं मुक्तिर्न संशयः ॥२८॥

પોતાના દેહના કારણરૂપ મનને નીચેનું લાકડું બનાવી સોઽહં પ્રણવરૂપ નાદાનુસંધાનરૂપ પ્રણવને ઉપરનું લાકડું બનાવી ઘસવું, જેમ બે લાકડાને ઘસવાથી દેવતાનો ભડકો થાય છે ને તેમાંથી દેવતા પ્રગટ થાય છે. તેમજ તમારે મનને

સોહું શબ્દનું ઉચ્ચારણ કરતાં અંતરમુખ વૃત્તિથી ધ્યાનરૂપી મથન કરી પરમાત્માનો સાક્ષાત્કાર કરવો સોહું પ્રણવરૂપી નાદાનુસંધાનનું શ્રવણ કરતાં મન ત્રિગુણાતીત થઇ શુદ્ધ થાય છે ત્યારે જગન્નિયંતા વિષ્ણુનાં દર્શન પોતાના હૃદયકમલમાં પ્રકાશરૂપે થાય છે. એ નાદનું શ્રવણ કરનારાને નિઃસંદેહ મોક્ષની પ્રાપ્તિ હોય છે. શું તમે સ્વામી શંકરાચાર્યની દિવ્યયોગતારાવલી વાંચી છે તેમાં પહેલાંજ બીજા શ્લોકમાં લખેલ છે જે 'सदाशिवोक्तानि सपादलक्षलयावधानानि वसन्ति लोके ॥ नादानुसंधानसमाधिमेकं मन्यामहे अन्यतमं लयानाम् ॥ अनाहतादंबुरुहादुदेति स्वात्मावगम्यः स्वयमेव बोधः ॥ ભગવાન શિવજીએ સમાધી (પરમાત્મપદમાં મળવું)નું સાધન સવાલક્ષ કહ્યું છે તેમાં સોહું પ્રણવરૂપી નાદાનુસંધાન (જેમાંથી અનાહતધ્વની નીકળે છે) જે સમાધિ (ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ) છે તેજ પ્રધાન છે એમ હું માનું છું. જેનું માત્ર શ્રવણ કરવાથીજ અનાહત (હૃદયમાં રહેલા) કમળમાં સ્વાત્માનુબોધ પોતાથી પોતાને થાય છે. મનોવૃત્તિને એકાગ્ર હોવાનાં સાધન નાદ છે. જેના શ્રવણથી મન એકાગ્ર થાય છે તે મનને એકાગ્રતાથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

यथासिद्धरसस्पर्शात्ताम्रं भवति काञ्चनम् ॥
तथा ध्यानरतो जीवः ब्रह्मैव भवति ध्रुवम् ॥२९॥

જેમ સિદ્ધ રસનો સ્પર્શ થવાથી ત્રાંબું સુવર્ણ થાય છે

તેમજ મનોવૃતિ ધ્યાનમાં લીન કરવાથી જીવ નિશ્ચે સાક્ષાત્ બ્રહ્મરૂપ જ થાય છે. એ ધ્યાન કેમ કરવું તે શાંતિ રાખી સાંભળો. એ ધ્યાન કરવા દેશાટન કરવાની અગત્ય નથી એતો પોતાની પાસેજ છે.

हृत्पद्माष्टदलोपेतैः स्कन्धमध्यात्समुत्थिते ॥
ध्यात्वा वोर्ध्वमुखं कार्य्यं कर्णिकायां प्रविन्यसेत्३०
रविशशिवह्निमध्ये रवेरन्तर्गतो शशी ॥
सोमस्य मध्ये हुताशत्रिकोणे प्रणवाक्षरे ॥ ३१ ॥
सुरारसं विमुञ्चद्भिः शशिरश्मिरिवावृते ॥
अत्रैवाङ्गुष्ठमात्मानं नारायणचतुर्भुजम् ॥ ३२ ॥

આ ઉપરનો શ્લોક તો તમારા સમજવામાં નહી આવ્યો હશે ? ત્યારે ધ્યાન રાખી સાંભળો. આપણા હૃદયસ્થાનમાં અનાહુત પદ્મના સ્કંધના મધ્યમાં અધોમુખ પ્રકાશમય અષ્ટદલનું કમલ છે. તેને ભાવનાથી ઊર્ધ્વમુખ કરી ધ્યાન કરો. તેજ કમલમાં સૂર્ય, ચંદ્રમા અને અગ્નિનું ધ્યાન કરો. સૂર્યની મધ્યમાં ચંદ્રમા, ચંદ્રમાની મધ્યમાં ત્રિકોણ મંડલાકાર તેજોમય જયોતિ છે, તે જયોતિના મધ્યમાં ૐકારાક્ષર છે તેને ચારે તરફથી તેજોમયજયોતિવડે આવરણ કરી ચંદ્રમા સુરારસ (અમૃતરસ)નો વર્ષાદ કરે છે. એજ જગ્યામાં અંગુષ્ઠાકાર પરમાત્મા નારાયણ

ચતુર્ભુજરૂપે છે તેનું ચિન્તવન કરો અને આનંદમય થાઓ. હૃદયમાં વૃત્તિ કેમ જાય તે જરા ધૈર્ય રાખી સાંભળો. ઉતાવળ કાં કરોછો.

हृदि मध्ये वसेत् शून्यं शून्यमध्ये च वायवः ॥
वायुमध्ये भवेद्वत्स ओंकारध्वनिरूपिणम् ॥ ३३ ॥
तेषां मध्ये वसेज्ज्योतिस्तन्मध्ये परमं महत् ॥
एकात्मिकां बिन्दुरूपां न स्थूलां नैवसूक्ष्मिकाम्३४
सुषुम्नान्तर्गतां सूक्ष्मामेवम्भूतां विचिन्तयेत् ॥
विद्युच्चालनसंकाशां सहस्रादित्यभासिताम् ॥३५॥

હે પ્રિય! આપના હૃદયમાં આકાશ ને આકાશના મધ્યમાં વાયુ ને વાયુના મધ્યમાં ઓંકારધ્વનિ થાય છે તે ધ્વનિમાં જયોતિ અને જયોતિના મધ્યમાં પરમમહત્ (દિવ્યપ્રકાશ) છે તે અદ્વૈતાત્મિક બિન્દુરૂપ છે. સ્થૂલ નથી તેમજ સૂક્ષ્મ પણ નથી. વિજળીના જેવી ત્વરીત ચાલવાળી હજારો સૂર્યની પ્રભાજેવી પ્રકાશમાન જે સુષુમ્ના અંતરમાં પ્રવેશ કરેલી છે તેવી જયોતિનું ચિન્તવન કરો. એમાંજ તમારૂં સ્વાત્મદર્શન થશે.

अणोरणीयान्महतोमहीयानात्मास्य जन्तोर्निहितो गुहायाम् ॥

तेजोमयं पश्यति वीतशोको धातुः प्रसादान्महि-
मानमात्मनः ॥ ३६ ॥
वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः पर-
स्तात् ॥
यं वै विदित्त्वा न बिभेति मृत्योर्नान्यः पंथा वि-
द्यतेऽयनाय ॥ ३७ ॥

અણુથી પણ અણુ અને મહાન્‌થી પણ મહાન્ જીવોના હૃદયરૂપી ગુહામાં સંતાયેલી આત્મજ્યોતિને ગુરુકૃપાથી જોઇને શોકરહિત થઈ, આત્મપદમાં જાઓ. शृण्वन्तिविश्वे अमृतस्य पुत्रा-आएधामानिदिव्यानितस्थुः "ઓ અક્ષય પરમાનંદનાં સંતાનો અને દિવ્યલોક નિવાસી ગણો! સાંભળો" મેં તે પુરાણપુરુષોત્તમને જાણ્યા જે અજ્ઞાન અને માયાથી પર છે, આદિત્યવત્ પ્રકાશમાન છે. એનેજ જાણીને તમે પણ મૃત્યુના ભયથી છૂટો. આ પ્રબલ જન્મ-મરણરૂપ સંસારસાગરને ઉલંઘન કરવાના બીજા એકે ઉપાય નથી એમ સત્ય માનો. એ પૂર્વે ભારતમાં પધારેલા ઋષિયોની દિવ્ય વાણી છે.

चतुर्विंशत्यथैतानि तत्त्वानि कथितानि च ॥
तथात्मानं तद्व्यतीतं पुरुषं पञ्चविंशकम् ॥ ३८ ॥

यं तु ज्ञात्वा विमुच्यन्ते ये जनाः साधुवृत्तयः ॥
तदिदं परमं गुह्यमेतदक्षरमुत्तमम् ॥ ३९ ॥
एषु सर्वेषु भूतेषु तिष्ठत्यविकलः सदा ॥
दृश्यत्त्वग्रयाबुद्ध्या सूक्ष्मया सूक्ष्मबुद्धिभिः ॥४०॥

આ શરીર ચોવીશ તત્ત્વાત્મક કહેવાય છે તેમાં તત્વાતીત, અવ્યયરૂપ પરમાત્મા પુરુષ પચ્ચીશમું તત્વ છે એનેજ જાણીને શાંત વૃત્તિવાળા મનુષ્યો તે પરમગુપ્ત અક્ષર બ્રહ્મનો સાક્ષાત્કાર કરી જન્મમરણથી છૂટે છે. એ પરમાત્મા સંપૂર્ણ પ્રાણીયોમાં વિકલતારહિત સદા નિવાસ કરે છે. જે સૂક્ષ્મદર્શી છે તે સૂક્ષ્મબુદ્ધિથી તે સર્વેશ્વરને પોતાનામાય જુવે છે. ત્યારે તે કેમ જુવેછે, તે સર્વેશ્વરનાં દર્શન પોતાના હૃદયમાં શી રીતે કરવાં, તે અનાહત્ નાદધ્વનિ કેમ સાંભળવો તેનો ખુલાસો કહો? અમારા જેવાં માણસો સંક્ષેપમાં કેમ સમજે? મારા પ્રિયબંધુ! તમે શાંતિથી સાંભળો. તમને પહેલાં શુદ્ધ થાવાના ઉપાયો કહું છું કેમ જે શુદ્ધ અંતઃકરણવિના એ જાણવામાં આવે તેમ નથી. જો તમે સંધ્યા, ગાયત્રી જાણતા હો અને તે સદા કરતા હો તો ભલે. અને જો નહી કરતા હો તો સવારમાં ઉઠી કુગળા કરી હાથ ધોઇ અજપા જપનો સંકલ્પ કરો. પછી સદા સોહંસોહં મંત્રનો જપ કરો અથવા તો સદા ઓમ્ તત્સત્ મંત્રનું ઉચ્ચારણ કરો. એ મંત્રની ઉત્પત્તિ સાંભળો,

ब्रह्मविष्णुमहेशानां भित्त्वा तालुशिरःशिखाः ॥ प्रादुर्भूतोऽयमोंतत्सत्सर्वमन्त्रोत्तमोत्तमः ॥ સર્વ મંત્રોમાં ઉત્તમોત્તમ ઓમ્ તત્સત્ એ મંત્ર બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણે દેવતાઓના બ્રહ્મરંધ્રને ભેદીને નીકળેલ છે. તે મંત્રથી બધાં કાર્યો થઇ શકે છે ॐतत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ॥ ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ॥ गी. अ. १७ श्लो. २३. ઓમ્ તત્–સત્ એ ત્રણ પ્રકારનું નામ બ્રહ્મનું કહેલું છે તેવડે પૂર્વે બ્રાહ્મણો વેદો ને યજ્ઞોને સરજવામાં આવ્યા હતા. હવે તમને વિશ્વાસ આવેલ હશે કે એ મંત્ર પરમાત્માનું નામ છે ત્યારે એનું સદા ઉચ્ચારણ કરતાં રહેવું. પછી જયારે તમને ફુરસદ મળે ત્યારે જયાં કોઈ ન હોય ત્યાં એકાન્ત જગોમાં જાઓ. આ પુસ્તકનો ભાવાર્થ ન સમજાણો હોય તો એકવાર ફરીથી વાંચી જાઓ. વારંવાર વાંચો નિત્ય એકવાર વાંચો અને નિત્ય સવારમાં અજપાજપનો સંકલ્પ કરો. તે સંકલ્પ મંત્રયોગપ્રકાશ નામની ચોપડીમાં લખેલ છે. તેવી રીતે કરી અંતઃકરણ શુદ્ધ કરી શાંત થાઓ. શું ત્યારે હવે તમને પરમાત્મા સર્વેશ્વરનું દર્શન કરવાની ઇચ્છા છે? ત્યારે તમારે ઘરમાં તથા કોઇ દેવમંદીરમાં જયાં એકાંત હોય જયાં કોઇ માણસનો શબ્દ સાંભળવામાં ન આવે એવું કોઇ સ્થાન તમારા જાણવામાં છે? હા છે. ત્યારે ત્યાંજ ચાલો. આ એકાંતના સ્થાનમાં બેસો. સિદ્ધાસન અથવા કોઇ આસન તમને આવડતું હશે જો નહી આવડતું હોય તો કોઇ મહાત્માથી સિદ્ધાસન અથવા સ્વસ્તિકાસન શીખી લ્યો. બેસો, હવે શાંતિથી બેસી જાઓ. આ-

પના કાનમાં જરા કાંઇક છીદ્ર બંધ કરવાના ઉપાય કરો અથવા બુચ જેવું બનાવી કાનમાં નાખી દયો પણ વધારે દાબોમાં. તેમાંથી ઝનઝન સંભળાય તેટલુંજ દાબો. શાંત થઈ સાંભળો. ઝનઝન થાય છે? હા થાયછે. ઠીક ત્યારે હવે આપની દૃષ્ટિ ભ્રુકુટિ સ્થાનમાં કરો. આપની ભ્રુકુટિમાં દૃષ્ટિ રાખી શાંતથી બેસો. ઘબડાવો મા જરા શાંતિ રાખો આપના મનમાં ઓમ્ તત્સત્ આ મંત્ર અથવા તો हंलंक्षं આ મંત્રનું ધીરે ધીરે સ્મરણ કરો અને આપનું ધ્યાન (મનોવૃત્તિ) કાનમાં ઝનઝન થતા શબ્દમાં રાખો. ચાલો હવે તમે મારે સાથ પધારો. આવો આ હૃદયકમલમાં પ્રવેશ કરો. એમાં નિરતિશય આનંદ છે ને નિરતિશય જ્ઞાન પણ એમાંજ છે સર્વે-શ્વરની સ્થિતિ પણ ત્યાંજ છે ત્યાં આવો. તે ઝનઝન સમ્હળાય છે? હા સંભળાય છે. ત્યારે તે શબ્દ ઉપર જરા વધારે ધ્યાન દ્યો મનોવૃત્તિ જરા વિશેષ તેજ જગોયે રાખો. જુવો હવે તે શબ્દ કાંઇક જુદી પ્રકારે સમ્હળાય છે? હા હવે જરા વધારે જોરથી ઝનઝન કરે છે પણ શરીર આળસ જેવું લાગે છે ત્યારે તો તમારે સુખની નીશાની નજીક છે. ઘબડાવો નહી. એ બધાં તે નાદ શબ્દનાં ચિન્હો છે. જરા મનોવૃત્તિ તે શબ્દ ઉપર વધારે રાખો જો દૃષ્ટિ ભ્રુકુટિમાં રાખવાથી ઠીક ન પડતું હોય તો તે બંધ કરી દયો અને ચાલો મનોવૃત્તિને તે નાદના શ્રવ-ણના લક્ષ ઉપર લઇ ચાલો. મનમાંથી બીજા જે વિચારો આવે તેને કાઢી નાખો. શાંતિથી તે પેલા મંત્રનું સ્મરણ મનને-

મનમાં ધીરે ધીરે કરતા રહો. કેમ હવે તે શબ્દ કેવો સાંભળાય છે આતો હવે તદ્દન બદલાઇ ગયો હવે તો ટનટન અવાજ સમ્હળાય છે. અરે! આ મને પરસેવો કાં નીકળે છે. મારા પ્રિય તૂં આમ ચિંતવન મા કર એમ કરવાથી ચિત્તવૃત્તિ એકાગ્ર નહી રહેશે. આ બધે તેજ ઈશ્વર પ્રાપ્તિનું ચિન્હ છે. જરા તૂં તારી મનોવૃત્તિનું લક્ષ તે શબ્દ ઉપર વધારે દે. અને શાંતિ રાખી જુવો હવે કેમ થાય છે. અરે! આ નાદના શબ્દ તો હવે બીજા પ્રકારે સમ્હળાય છે. હવે તો શંખના જેવો અવાજ કરેછે પણ તે શબ્દથી શરીર ધ્રુજે છે. ભાઇ તું તારી વૃત્તિ બહારના પદાર્થ ઉપર કેમ વારંવાર લાવે છે मामैष्ट विद्वंस्तव नास्त्यपाय એ। મારા પ્યારા! પાપરહિત તું બીક રાખ માં તારો નાશ થવાનો નથી. જરા વધારે પ્રેમથી ઈશ્વરનાં દર્શન કરવાની ઉત્કંઠાથી તે શબ્દની ઉપર જરા મનોવૃત્તિ વધારે શાંતિથી ટીકાવી જો. અહા! આતો રાગરાગીણીથી ભરપૂર સીતાર વાગવા લાગ્યા. વાહ! આ તો અમારો ઓમ્ તત્સત્ જે મંત્ર છે તેજ એ સીતારમાંથી પણ વાગે છે. ત્યારે હવે તું તારી વૃત્તિ તેજ લક્ષ ઉપર રાખ. અરે! આ તે શું ચમત્કાર છે હવે તો ટનન ટનન વાગે છે. આ એમાંથી શું વર્ષાદ જેવું ઝીણું ઝીણું પડે છે? આ તો અમૃતનો વર્ષાદ છે એને સેવન કરો અને જરા તે ટનન ટનન થતા શબ્દ ઉપર વધારે મનોવૃત્તિ રાખો. એમજ તમે નિત્ય કરશો તો તમને વેણુ મૃદંગ ભેરી ને મેઘ જેવો ધડધડ શબ્દ થાશે અને હવે તમારી મનોવૃત્તિ સ્થિર રહેશે.

હવે આ શબ્દને બદલાતાં તમને ગુપ્ત જે દેવતાઓનો પ્રકાશ શરીરમાં છે તેને જાણશો પછી તેમાંથી શબ્દનાં વાક્ય સમજશો થોડીવાર થશે તો તમે તમારૂં ભાન ભુલી જશો ને મેઘના ઘડઘડ શબ્દથી ગરજના થાશે ત્યારે તે સર્વેશ્વરનું દર્શન તમારા હૃદયકમલમાં થાશે. તો ખૂબ પ્રેમથી જો જો. નેત્ર ભરી ભરી જો જો. આનંદરસનું પાન કરજો. હવે હું મારા આનંદમાં મગ્ન થાવું છું. તમે એમજ નિત્ય કરતા રહેજો. લયો આનંદ કરો. અગર સર્વેશ્વરનું ધ્યાન કરવામાટે તમારૂં ખરૂં અંતઃકરણ છે તો હું તમને ખરા અંતઃકરણથી ઈશ્વરપ્રત્યે વિ-નય કરૂં છું તે તમને સદ્બુદ્ધિ આપશે. મનોવૃત્તિમાંજ ઈશ્વરની પ્રાપ્તિ છે એમ નિશ્ચય જાણો. હવે પરમાત્માનાં નામો-ચ્ચારણ કરો. બોલો ઓમ્ તત્સત્ પરમાત્મને નમઃ ॥इति॥

સ્વામી અખંડાનંદ સરસ્વતી તરફથી મળેલું સ્તુતિપત્ર.

सोरठा ।

परमहंस सुखधाम । परिव्राजक नरसिंह ये ॥
रस वर्षावत नाम । सरस्वती जेहि अंतमे ॥ १ ॥

मनमह अतिविश्राम । सत्य सदा भाषण करे ॥
हंस यथा निस्काम । विचरे ये संसारमे ॥ २ ॥

सत्य सनातनधर्म । उदय रहे जेहि विधि सदा ॥
पले वेदविधि कर्म । करत सदा उद्योग सोई ॥३॥

रीति लोप नहि पाय । अगम वेद मर्यादकी ॥
व्राटरूप दर्शाय । हरे पखण्डिनकेर मत ॥ ४ ॥

जगत्‌मांहि विख्यात । परम पुरातन धर्म जो ॥
करत सदा सोई वात । जेहिते पावै परमपद॥५॥

दोहा।

स्वारथविनु अमृत सदा। ज्युं वर्षावत चंद ॥
मिलत सदा त्युं सुधासम। भाषणमें आनंद।
नगर कच्छ अंजारमे । रहे आप इक मास ॥
रहेम करी भाषण करी । कस्या भरमका नाश।
सिंह सदा जिमि विपिनमह। आसरहित विश्रा
हाम धरी तिमि जगतमह। फिरत सदा निस्का
नंद नंदनके नाम ले । मग्न रहे मनमाहि ॥
दम संय्यम पाले सदा। जासों काम नसाहि ॥९॥
सकललोक प्रसिद्ध जो । गयाक्षेत्र जेहि नाम ॥
रहत सदा सोइ क्षेत्रमह। जहां पितृविश्राम॥१०॥
स्वप्नमाहि स्वारथ नहीं । परमारथसे काम ॥
तिर्थाटनकरि जगत्मे। बोध करत सुखधाम॥११॥

स्वामी अखंडानंदका । सदा येहि आशीष ॥
परमारथमे चित्त तव। सदा देय जगदीश ॥१॥

इत्योम्। शांतिः शांतिः शांतिः ॥
